25

આશ્રમશાળાઓમાં ધોરણ-૮નો
સમાવેશ કરવા બાબત

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ અમશ/૧૫૧૦/મં.-૩/ધ
સચિવાલય, ગાંધીનગર
તા.૨૭/૨/૨૦૧૩

આમુખઃ-

ભારત સરકારના બાળકોના મફત અને ફરજીયાત શિક્ષણના અધિકાર અધિનિયમ-૨૦૦૯ અને ગુજરાત શૈક્ષણિક કાયદા (સુધારા) અધિનિયમ-૨૦૧૦ અન્વયે પ્રાથમિક શિક્ષણ ધોરણ ૧ થી ૭ ના બદલે પ્રાથમિક શિક્ષણ ધોરણ ૧ થી ૮ જેમાં ધોરણ ૧ થી ૫ નિમ્ન પ્રાથમિક શિક્ષણ અને ધોરણ ૬ થી ૮ ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ ગણવાનું રહે છે. આ મુજબના સુધારા આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની ગ્રાન્ટ-ઇન-એઇડ આશ્રમશાળાઓમાં પણ કરવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી

ઠરાવઃ-

આમુખમાં દર્શાવેલ વિગતે પુખ્ત વિચારણાના અંતે આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની ગ્રાન્ટ-ઇન-એઇડ આશ્રમશાળાઓમાં નીચેની શરતોએ આથી ધોરણ ૧ થી ૫ નિમ્ન પ્રાથમિક શિક્ષણ અને ધોરણ ૬ થી ૮ ઉચ્ચ પ્રાથમિક શિક્ષણની નીતિ અમલમાં મુકવા આથી ઠરાવવામાં આવે છે.

(૧) આશ્રમશાળાની ૩ કિ.મી.ના વિસ્તારમાં સરકારી અથવા ગ્રાન્ટ ઇન એઇડ પ્રાથમિક શાળા આવતી હોય ત્યાં ધોરણ-૮ ના આશ્રમશાળાના વિદ્યાર્થીને ઉક્ત શાળામાં પ્રવેશ આપવાનો રહેશે. જેથી આવી શાળામાં રાજ્ય સરકાર દ્વારા વિજ્ઞાન, ગણિત અને અંગ્રેજી વિષયના લાયકાત ધરાવતા શિક્ષકોનો લાભ આશ્રમશાળાના વિદ્યાર્થીઓને પણ મળી રહેશે. તેમજ રાજ્ય સરકાર સંચાલિત પ્રાથમિક શાળાઓમાં પૂરતી સંખ્યામાં વિદ્યાર્થીઓ મળી રહેશે.

(૨) ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ કે જયાંથી ધોરણ ૮ રદ થશે તે આશ્રમશાળાઓમાં ધોરણ ૯ અને ૧૦ માટે શિક્ષકોની જગ્યા ખાલી હોય અને ધોરણ ૮ ના ફાજલ થતા શિક્ષકો ખાલી જગ્યાને અનુરૂપ લાયકાત ધરાવતા હોય તો તેઓને તેજ આશ્રમશાળામાં સમાવવાના રહેશે. અન્યથા ઉત્તર બુનિયાદી આશ્રમશાળાના ધોરણ ૮ ના ફાજલ થતા શિક્ષકો જો ઉચ્ચ પ્રાથમિક શિક્ષણમાં આશ્રમશાળાના નીતિ-નિયમોનુસાર ફરજ બજાવવા તૈયાર હોય અને તે માટેની લાયકાત ધરાવતા હોય તો તેવા શિક્ષકોને શરત (૧) માં આવતી આશ્રમશાળાઓ સિવાયની આશ્રમશાળાઓમાં સમાવેશ કરવાનો રહેશે.

(૩) શરત (૨) વિચારણામાં લીધા બાદ શરત (૧) માં આવતી આશ્રમશાળાઓ સિવાયની આશ્રમશાળાઓમાં ધોરણ ૮ માટે શિક્ષકોની જરૂરીયાત હોય ત્યાં શિક્ષણ વિભાગ પાસે યોગ્ય

લાયકાત ધરાવતા ફાજલ શિક્ષકોમાંથી ફાળવણી કરી શકાય તેમ હોઇ તે માટે દરખાસ્ત કરવાની રહેશે. પરંતુ આ માટે જગ્યા ઉભી કરવા કમિશ્નરશ્રી આદિજાતિ વિકાસ દ્વારા વિભાગને વિગતવાર દરખાસ્ત રજુ કરવાની રહેશે.

(૪) જે કિસ્સામાં ઉપર્યુક્ત શરત (૧), (૨) અને (૩) મુજબની વ્યવસ્થા થઇ શકે તેમ ન હોય તે આશ્રમશાળામાં જરૂરીયાત મુજબના શિક્ષકોની જગ્યા ઉભી કરવા અને ભરવા મંજુરી માટે કમિશ્નરશ્રી આદિજાતિ વિકાસ દ્વારા વિભાગને વિગતવાર દરખાસ્ત રજુ કરવાની રહેશે.

(૫) વર્ષ ૨૦૧૩-૧૪ ના નવા શૈક્ષણિક વર્ષ(જૂન ૨૦૧૩)થી આશ્રમશાળાઓમાં ધોરણ ૮ શરૂ કરવાનું રહેશે.

(૬) હાલની આશ્રમશાળાઓમાં ધોરણ ૮ શરૂ કરવા માટેની પુરતી સુવિધાઓ વિગેરે બાબતો ધ્યાને લઇ કમિશ્નરશ્રી આદિજાતિ વિકાસએ શિક્ષકોની નિમણૂંક સહિતની તમામ કાર્યવાહી તા.૩૧/૫/૨૦૧૩ સુધીમાં પુરી કરવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૨૩/૭/૨૦૧૨થી મળેલ મંજુરી તેમજ સરકારશ્રીની મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(જ્યોતિ કે. પટેલ)
નાયબ સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

પ્રતિ,

- મહામહિમ રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન ગાંધીનગર
- માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી/સચિવશ્રીનું કાર્યાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી(આવિ)ના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી શિક્ષણ વિભાગ(પ્રાથમિક શિક્ષણ) સચિવાલય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી આદિજાતિ વિકાસ, બિરસામુંડા ભવન, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ
- સિલેક્ટ ફાઇલ